દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૭ માર્ચ, ૨૦૨૬

# અખાતી પ્રદેશમાંની વહાણવટા કટોકટીને હાથ ધરવાની ભગીરથ કામગીરી

ઇરાન પર અમેરિકા અને ઇઝરાયેલે હુમલો કરતા યુદ્ધ ફાટી નિકળ્યું તેના થોડા જ દિવસોમાં લગભગ આખા વિશ્વને અસર કરતી કટોકટી ઇરાનના હોર્મુઝના સાંકડા અખાત વિસ્તારમાં શરૂ થઇ અને તેના કારણે અનેક દેશોના જહાજો મુશ્કેલીમાં મૂકાઇ ગયા. આ હોર્મુઝની સામુદ્રધૂનિના માર્ગ વિશ્વના કુલ તેલ પુરવઠાના ૨૦ ટકા જેટલો પુરવઠો પસાર થાય છે અને ઇરાને આનો ભરપૂર ઉપયોગ પોતાના લાભમાં કરવા માંડ્યો. અનેક જહાજો પર હુમલા થયા અને ધમકીભર્યા માહોલમાં ત્યાંથી પસાર થવાનું મુશ્કેલ થઇ ગયું. વિદેશી જહાજોમાં કામ કરતા ભારતીય કેટલાક ભારતીય કર્મચારીઓના મોત પણ થયા. આના પછી જો કે ભારતે મુત્સદ્દીગીરીનો ઉપયોગ કર્યો અને આપણા વિદેશમંત્રીએ ઇરાની સમકક્ષ સાથે વાત કરી અને ચીનની જેમ જ ભારતીય જહાજો માટે પણ ઇરાને માર્ગ મોકળો કરી દીધો.

હાલ છેલ્લા અહેવાલો મુજબ સંયુક્ત આરબ અમીરાત (UAE) ના ફુજૈરાહ ઓઇલ ટર્મિનલ પર હુમલો થયો હોવા છતાં, તેલ ભર્યા બાદ ભારતીય ધ્વજ ધરાવતું એક ક્રૂડ ટેન્કર ત્યાંથી સુરક્ષિત રીતે રવાના થયું છે. લગભગ 80,800 ટન મુરબન ક્રૂડ ઓઇલ લઇને જતું જહાજ, ‘જગ લાડકી’, ભારતીય સમય અનુસાર રવિવારે સવારે 10:30 વાગ્યે ફુજૈરાહથી રવાના થયું છે અને તે ભારત આવી રહ્યું છે. સરકાર દ્વારા તૈયારીના પગલાં અંગે જાહેર કરવામાં આવેલા અપડેટ મુજબ, જહાજના તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી હેમખેમ બહાર આવનારું ‘જગ લાડકી’ ચોથું ભારતીય ધ્વજ ધરાવતું જહાજ છે. આ સુરક્ષિત માર્ગ ભારતીય મુત્સદ્દીગીરી માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હોવા ઉપરાંત, તે જે કાર્ગો લાવી રહ્યું છે તે પણ અત્યંત મહત્વનો માનવામાં આવે છે, કારણ કે હોર્મુઝની સામુદ્રધુનીમાં શિપિંગ અવરોધોને કારણે ભારતની ઊર્જા પુરવઠા પર અસર પડી છે. શનિવારે, લગભગ 92,712 ટન LPG લઈને જતા બે ભારતીય ધ્વજ ધરાવતા LPG કેરિયર્સ - શિવાલિક અને નંદા દેવી - યુદ્ધગ્રસ્ત હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી ગયા હતા. આ છપાશે ત્યારે આ બંને જહાજ કદાચ ગુજરાતના મુંદ્રા અને કંડલા બંદરે આવી પણ પહોંચ્યા હશે.

સરકારે જણાવ્યું હતું કે આ પ્રદેશમાં કાર્યરત ભારતીય જહાજો અને નાવિકો સુરક્ષિત છે અને દરિયાઈ કામગીરીનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. હાલમાં, 611 નાવિકો સાથેના 22 ભારતીય ધ્વજ ધરાવતા જહાજો પર્સિયન ગલ્ફ ક્ષેત્રની પશ્ચિમ બાજુએ છે. ભારત તેના ક્રૂડ ઓઈલની જરૂરિયાતના આશરે 88 ટકા, કુદરતી ગેસની 50 ટકા અને LPG જરૂરિયાતના 60 ટકા જેટલી આયાત કરે છે. 28 ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા અને તેહરાન દ્વારા કરવામાં આવેલા વળતા હુમલા પહેલા ભારતની ક્રૂડ આયાતના અડધાથી વધુ, ગેસના લગભગ 30 ટકા અને LPG આયાતના 85-90 ટકા સાઉદી અરેબિયા અને UAE જેવા પશ્ચિમ એશિયાઈ દેશોમાંથી આવતા હતા. આ સંઘર્ષને કારણે ગલ્ફ એનર્જી સપ્લાય માટેના મુખ્ય માર્ગ એવા હોર્મુઝની સામુદ્રધુનીમાં નાકેબંધી થઈ છે. જોકે ભારતે રશિયા સહિતના દેશોમાંથી તેલ મંગાવીને ક્રૂડ સપ્લાયમાં આવેલા અવરોધોને આંશિક રીતે સરભર કર્યા છે, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો માટે ગેસ સપ્લાયમાં કાપ મૂકવામાં આવ્યો છે અને હોટલ તેમજ રેસ્ટોરન્ટ જેવા વ્યાપારી એકમો માટે LPGની ઉપલબ્ધતામાં ઘટાડો થયો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ જહાજ માલિકો, RPSL એજન્સીઓ અને ભારતીય મિશનો સાથે સંકલન સાધીને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. DG શિપિંગ કંટ્રોલ રૂમ સક્રિય થયા પછી, નાવિકો, તેમના પરિવારો અને દરિયાઈ હિતધારકો પાસેથી માહિતી અને સહાય મેળવવા માટે 2,995 ફોન કોલ્સ અને 5,357 થી વધુ ઈમેઈલ્સ હેન્ડલ કરવામાં આવ્યા છે. DG શિપિંગે અત્યાર સુધી ગલ્ફ પ્રદેશમાંથી 276 ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે વતન પરત લાવવાની સુવિધા પૂરી પાડી છે, જેમાં છેલ્લા કેટલાક સમયમાં એરપોર્ટ અને પ્રાદેશિક સ્થળોએથી પરત લાવવામાં આવેલા 23 નાવિકોનો સમાવેશ થાય છે. વિકસતી જતી દરિયાઈ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશભરના બંદરો જહાજોની અવરજવર અને કાર્ગો કામગીરી પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે.

શિપિંગ મંત્રાલય, વિદેશ મંત્રાલય, ભારતીય મિશનો, શિપિંગ કંપનીઓ અને અન્ય હિતધારકો સાથે સતત સંકલન કરી રહ્યું છે જેથી ભારતીય નાવિકોની સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરી શકાય અને સાથે જ દરિયાઈ વેપાર અને બંદરની કામગીરીની સાતત્યતા જળવાઈ રહે. આજે વિશ્વ ઘણુ નાનુ બની ગયું છે અને અન્ય દેશો પર આધાર રાખ્યા વિના ભાગ્યે જ કોઇ દેશને ચાલે તેમ છે. આમ તો બધુ સમુસુતરુ ચાલ્યા કરતું હોય છે પરંતુ આવી કોઇ યુદ્ધ કે સંઘર્ષની સ્થિતિ સર્જાય ત્યારે મુશ્કેલીઓ ઉભી થાય છે અને સરકારોએ પોતાના દેશ અને પોતાના દેશના નાગરિકોના હિતો માટે બાહોશીભરી રીતે કામગીરી કરવી પડી છે. અખાતી પ્રદેશમાં લાખો ભારતીય નાગરિકો વસે છે. તેમને ત્યાંથી સલામત બહાર કાઢવાની કામગીરી અત્યાર સુધી તો હાથ ધરવી પડી નથી પણ આ જહાજી કટોકટી હાથ ધરવાની ભગીરથ કામગીરી સરકાર પર આવી પડી છે અને અત્યારે તો તેમાં સારી સફળતા મળેલી જણાય છે.

## શું છોડવું શું રાખવું - એક કળા

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક જેલના જેલર ખૂબ જ દયાળુ, અનુભવી અને માનવતાવાદી હતા. તેઓ પોતાની જેલમાં કેદી સુધાર કાર્યક્રમ હેઠળ અનેક પ્રયોગો કરતા. રોજ સવારે પ્રાર્થના અને યોગ ફરજીયાત હતાં અને બધાં કેદીઓને પોતાને આવડતી હોય તે ભાષામાં છાપું વાંચવા માટે કહેતા, તે માટે જેલમાં તેઓ દરેક ભાષાનાં છાપાં મંગાવતાં.

એક દિવસ જેલર સાહેબે રવિવારે સવારે ખાસ ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કર્યું અને વિવિધ પ્રકારના રંગો, પીંછીઓ, કેનવાસ વગેરે મંગાવી અને બધા કેદીઓને બોલાવીને કહ્યું, ‘‘ જે ગમે તે, જેવું ગમે તેવું જેવું આવડે એવું, ચિત્ર દોરો. આજે ચિત્રકલા સ્પર્ધા છે.’’ બધા કેદીઓએ કેનવાસ અને મનગમતા રંગો ઉઠાવ્યા. બધા આનંદ અને ઉત્સાહમાં હતા. ઘણા વખતથી ન કરેલી પ્રવૃત્તિ કરવાની જાણે ખુશી હતી.

બધા કેદીઓએ જુદાં જુદાં ચિત્રો દોરવા માંડ્યાં. કોઇકે નાનપણની યાદોનાં ચિત્રો દોર્યાં, કોઈકે શાળામાં શીખવાડે તેવાં ચિત્રો દોર્યાં, કોઈકે પ્રાણી દોર્યાં, કોઇકે પંખી, કોઈકે માત્ર જેલ અને જેલની દીવાલ દોરી. એક કેદીએ હિંસક માનસિકતા દર્શાવતા ખૂન ખરાબાનું ચિત્ર દોર્યું, એક કેદીએ જેલર સાહેબનું ચિત્ર દોર્યું, એક કેદીએ જેલની નાનકડી બારીની બહાર દેખાતા સુંદર આકાશ અને ઊડતાં પંખીઓ, વાદળોનું દૃશ્ય દોર્યું. બીજા કેદીએ બારી બહારના દૃશ્યને દોરવાની કોશિશ કરી પણ આખા ચિત્રમાં માત્ર લંબચોરસ બારી અને કાળા લોખંડના સળિયા દોર્યા. બહારના સુંદર દૃશ્યને દોર્યું જ નહીં.

આ બધાં ચિત્રોને જેલર સાહેબે એક હોલમાં પ્રદર્શનની જેમ ગોઠવી દીધાં અને કહ્યું જુઓ તમે બધાએ તમારા મનની પ્રતિકૃતિ જેવાં ચિત્રો દોર્યાં છે. જેલર સાહેબે બારી બહારના કુદરતી દૃશ્ય અને બારીના લોખંડના સળિયાવાળાં બે ચિત્રોને એક દિવાલ પર બાજુ બાજુમાં ગોઠવ્યાં હતાં અને કેદીઓને કહ્યું, ‘કેદીઓ જુઓ, આ બે ચિત્રોને વધુ ધ્યાનથી જુઓ, શું પસંદ કરવું શું લેવું? શું રાખવું? શું છોડી દેવું? તે આ બે ચિત્ર પરથી તમને શીખવા મળશે. એક ચિત્રમાં સળિયાવાળી બારીની બહાર દેખાતા સુંદર કુદરતી દૃશ્યનું આલેખન છે. ચિત્રમાં દૃશ્ય બારીની બહારનું છે પરંતુ વચ્ચે આડખીલીરૂપ બારીના સળિયા નથી. બીજા ચિત્રમાં દૃશ્ય એ જ બારીનું છે પણ બારી અને સળિયા જ છે. બહાર દેખાતા સુંદર દૃશ્યનું કોઈ નામ નિશાન નથી. સુંદર દૃશ્ય અને કુદરતી સૌંદર્ય જુઓ, વચ્ચેની આડખીલીરૂપ સળિયાઓને ભૂલી જાવ. જીવનમાં પણ જે સુંદર છે, જે સારું છે, જે ખુશી આપનારું છે તેની તરફ જુઓ. તેની તરફ આગળ વધો અને હાથ લંબાવો. જે દુ:ખ આપનારું છે, નિરાશા આપનારું છે, તેને ભૂલી જાવ, તેની તરફ ધ્યાન ન આપો. શું રાખવું? શું સ્વીકારવું અને શું નહીં ? એ કળા શીખવા જેવી છે.

# સ્વતંત્રતાનો વિચાર, વ્યવહાર, અને વિકાસ આપણી પ્રાથમિકતા હોય તો સારું

**શિક્ષણ-સંસ્કાર**

કાર્તિકેય ભટ્ટ

> **એટલે જો દેશની કે સમજની સ્વતન્ત્રતા નો વિચાર કરીએ તો વિચારવાનું એ કે દેશ અને સમાજ માટે નિયમો કોણ બનાવે છે? અને પરતંત્રતા નો મતલબ જ એ હતો દેશના નિયમો, કાયદાઓ બીજા બનાવતા હતા. હવે અપડા ચુટાયેલા પ્રતિનિધિ બનાવે છે.**

સ્વતંત્રતા નો સાવ સરળ અર્થ છે નિર્ણય ની સ્વતંત્રતા. કોઈ પણ વ્યક્તિ પોતાની સ્વતંત્રતા નું માપ જાણવા માગતું હોય તો તેણે તપાસવું જોઈએ કે તે કેટલા નિર્ણય જાતે કરી શકે છે?. કેટલા નિર્ણયો કરવાની તેને છૂટ છે.આવું જ કોઈ દેશની સ્વતંત્રતા માટે પણ છે કે તે કેટલા નિર્ણય જાતે કરી શકે છે .કરે છે

નિર્ણયો બે પ્રકારના હોય વ્યક્તિગત નિર્ણય અને સામુહિક નિર્ણય. જે બાબતો માત્ર વ્યક્તિને જ સ્પર્શતી હોય તે વ્યક્તિગત બાબતો અને જે સમુહને અસર કરતીહોય તે સામુહિક . પશ્ચિમ અને યુરોપમાં આધુનિક લોકશાહી ના ઉદ્ભવ સાથે વ્યક્તિ સ્વતંત્ર નો વિકાસ થયો, સ્વીકાર થયો. વ્યક્તિએ શું ખાવું ? શું પીવું ? શું પહેરવું ? કોનીસાથે સંબંધ રાખવા ?શું વિચારવું શું લખવું ....જેવી તમામ વ્યક્તિ ગત બાબતો માટે વ્યતી ના નિર્ણયનો સ્વીકાર થયો જયારે જાહેર અને સામુહિક બાબતો માં રાજ્યના નિયમો નો આદર થયો. ટ્રાફિક ના નિયમો, બજારના નિયમો નાગરિક નિયમો ..જે વર્તન સમુહને અસર કરે તેમાં વ્યક્તિ સ્વાતંત્ય નિયમો થી બાંધવામાં આવ્યું

ભારતમાં સ્વતંત્રતાનો આધુનિક ખ્યાલ પરદેશ માંથી આવ્યો છે. નિર્ણયની સ્વતંત્રતા નું વર્ગીકરણ કરીએ તો આર્થિક નિર્ણય ની સ્વતંત્રતા ..રાજકીય નિર્ણય ની સ્વતંત્રતા .માનસિક સ્વતન્ત્રતા. સામાજિક નિર્ણયની સ્વતંત્રતા અને વ્યક્તિગત નિર્ણયો ની સ્વતંત્રતા અને વ્યક્તિગત નિર્ણયોની સ્વત્નાત્રતા માં અભિવ્યક્તિ ની સ્વન્ત્રતા, પૂજાપાઠ શ્રધ્ધા ભક્તિ ની મતલબ કે ઉપાસના ની સ્વતંત્રતા ,જીવનસાથી પસંદ કરવાની સ્વતન્ત્રતા .ખવાપીવાની સ્વંતંત્રતા ,કપડા પહેરવા ની સ્વતંત્રતા ટુકમાં વ્યક્તિગત પસંદગીઓ ની સ્વતંત્રતા.

સ્વતંત્રતા નો જયારે પણ વિચાર કરો ત્યારે પહેલા એ શબ્દને જ ધ્યાન થી જોજો ..સ્વ નું તંત્ર એટલે સ્વતંત્ર મતલબ કે તંત્ર તો ખરું જ ! નિયમો તો ખરાજ ..સાવ આડે ધડ નહિ ...જેમ ફાવે એમ અહીં ...નિયમ બદ્ધ પરિવર્તન સાથે ...મૂળ વાત એટલી જ કે તંત્ર રચના આપડી પોતાની નિયમો આપડા પોતાના એ બદલવાનો પણ આપણને અધિકાર . વ્યક્તિ તરીકે અને દેશ તરીકે.

એટલે જો દેશની કે સમજની સ્વતન્ત્રતા નો વિચાર કરીએ તો વિચારવાનું એ કે દેશ અને સમાજ માટે નિયમો કોણ બનાવે છે? અને પરતંત્રતા નો મતલબ જ એ હતો દેશના નિયમો, કાયદાઓ બીજા બનાવતા હતા. હવે અપડા ચુટાયેલા પ્રતિનિધિ બનાવે છે.

આજના જમનામાં મોટાભાગની સ્વતંત્રતા આર્થિક સ્વતંત્રતા પર આલ્વિબત બની ગઈ છે .સમાજ પણ ધનિકો ને વધુ છૂટ આપે છે અને ગરીબો ને ઓછી .બજાર આધારિત અર્થવ્યવસ્થા માં સ્વતન્ત્રતા નો આધાર તમારી પાસે ખરીદ શક્તિ છે કે કેમ તેના પર છે .બજારમાં સ્કુલો છે ,હોસ્પિટલ છે ,મોલ મલ્ટીપ્લેક્ષ છે અને બધું જ ખરીદવાની તમને છૂટ છે. પણ જો તમારી પાસે રૂપિયા છે તો જ !

વ્યક્તિ હોય કે રાષ્ટ્ર જો આર્થીક પરાવ્લાબ્ન હોય તો રાજકીય કે વ્યક્તિગત સ્વતન્ત્રતા લાંબો સમય તકતી નથી .વસ્તુ અને વાપરાશ્વાદ માં આધારિત અર્થતંત્ર પરોક્ષ ગુલામી ભોગવે છે આપડે ટેકનોલોજી કે પેટ્રોલીયમ પેદાશોમાં બિલકુલ પરવલબીછીએ અને તેના પરિણામ પણ ભોગવીએ છીએ

ભારતમાં રાજકીય સ્વતંત્રતાનો વિચાર પરદેશમાંથી આવ્યો છે .અન્ય ઘણી બાબતો ની જેમ આમાં પણ ઈંગ્લેન્ડ જ કારણ ભૂત છે. ૧૮૫૭ ના સ્વ્નાત્રતા સંગ્રામ પછી બ્રિટીશ સરકારે ઈસ્ત ઈન્ડિયા કંપની પાસે થી ભારતનું શાશન લઇ લીધું અને કંપની શાસનનો અંત આવ્યો. મેકોલે એ ૧૯૩૫ માં જે શિક્ષણ શરુ કર્યું હતું તેનો વ્યાપ વધ્યો. ભારતમાં યુનીવર્સીટીઓ ની સ્થાપના થઈ અને ભારતીઓ ઉચ્ચ શિક્ષણ માટે વિદેશમાં જતા થયા અને ભારતીઓ પરદેશ ભણવા ગયા ત્યાં તેમની સાથે જે ભેદ-ભાવ થયો તે માંથી સ્વતંત્રતાની જ્વાળા ભડકી અને આ ભારતીઓ ભારત આવ્યા ત્યારે સાથે સ્વતન્ત્રતા માટે લડવાનું તથા અંગ્રેજો ના ગયા પછી ભારતને લોકશાહી દેશ બનાવવાનું સપનું સાથે લાવ્યા. આ અગાઉ માત્ર અંગ્રેજો સામે લડત થતી હતી પણ હવે લોકશાહી માટે સ્વતંત્ર રાષ્ટ્ર માટે લડત શરુ થઈ . આપણે જે સ્વતન્ત્રતા બાદ આપણે જે બંધારણ અપનાવ્યું તે પણ અનેક દેશોના બંધારણ no અભ્યાસ કર્યા બાદ જ અપનાયું છે . જોકે હવે આઝાદીના ૭૫ વર્ષ પછી આપણે ભવિષ્યમાં સ્વતન્ત્રતા વધુ પુખ્ત બને નાગરિક કેન્દ્રી બને અને નિર્ણયોમાં પ્રજાની ભાગીદારી વધે તે જોવાનું રહ્યું .

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# વૈતાળ સાથે હાસ્યાયાન..!

**મંગલ મસ્તી**

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

> **અમારા ચમનિયાને પણ વૈતાળ ભટકાયેલો, સ્વપ્નામાં..! ચમનિયો બીકણ ખરો, પણ સાચું બોલવામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને ટપી જાય**

ટાઈટલ વાંચીને, ખંજવાળ તો આવશે કે, ‘આ માણહ આજે કેમ ફાટેલા દૂધપાક જેવી વાત કરતો હશે? માણહ જેવા માણહમાં, હાસ્યની ભૂરકી નાંખવામાં ૯૯૯ નેજા પડે ને આ ઘોઘુ વૈતાળ સાથે ‘હસ્યાયાન’ કરવા નીકળ્યો!‘નક્કી ખસી ગયું લાગે! શું હાસ્ય કોઈ પડીકી છે કે ‘ફાકી’ મરાવો એટલે, વૈતાળ વશમાં આવી જાય? ભૂત-પ્રેત-જીન-ચુડેલ-પિશાચ-ડાકણનાં કોઈ યુનિયન હોતાં નથી કે, તેમના વાર્ષિક સંમેલનમાં રમેશ ચાંપાનેરીના હસાહસનો કાર્યક્રમ થાય. ભૂતનાથો પાસે તો, પોતાની બ્રાન્ડનાં હાસ્ય હોય. મારા જેવા બની બેઠેલા હાસ્યકાર, એમના હાસ્યની નકલ કરે, બાકી એક પણ ભૂતનાથે માણસના હાસ્યની Copy કરીને મંદ-મંદ હાસ્ય કાઢ્યું હોય, એવું સાંભળ્યું નથી. વૈતાળ તે વળી હાસ્યકારને ભેટતા હશે? એ અલગ વાત છે કે, કોઈ હાસ્યકાર ભૂત-લીમડા આગળ કટિંગ ચાનો ટેસડો લેવા ગયો હોય ને એકાદ ભૂતડું ભટકાયું હોય. ચાના મામલે ભૂતનાથ હોય કે, હાસ્યકાર, રેંકડીવાલોકો કોઈ ફરક પડતા નહિ હૈ! બાકી ‘આ બૈલ મુઝે માર’ કહીને ભૂતડું માણહની અડફટમાં ઓછું આવે! સિવાય કે, પોતે રાજા વિક્રમાદિત્યનો વારસદાર, કે તેમનો સાળો કે સાઢુભાઈ હોય! વૈતાળ એ વૈતાળ છે. વજુભાઈ કે વજેસિંહ નથી કે, સામે ચાલીને હેલ્લો કરવા આવે. ભૂતનાથ રહ્યા ફ્રેશ-બ્લડ પીવાવાળા, એમને કટિંગ ચામાં ઈન્ટરેસ્ટ પણ ના હોય. શું કહો છે ધમના? હટવાડાનાં ઢીંગલાં થોડાં છે કે, ઐરા-ગૈરાના હાથમાં આવે?

બોસ! વૈતાળને પામવા હોય ને, તો વિક્રમાદિત્ય જેવા લખ્ખણ અને છાતી જોઈએ.! ‘સાચો વૈતાળ તો તેને રે કહીએ, જે વગર વરસાદે ભીનો કરી નાંખે રે.?’(કેવું લાગ્યું, આજે જ વ્હોટશેપમાંથી ઉઠાવ્યું!) આસાનીથી નેતા ભટકાય, ઉઘરાણીવાળા ભટકાય, ઉધાર-ઉછીનાવાળા ભટકાય, બાકી કરમ ફૂટેલાને જ વૈતાળ ભટકાય! ભટકાયા તો ઉભાસનમાંથી શબાસનમાં લાવી દે! અબ્બા કે ગબ્બા કરી નાંખે!

અમારા ચમનિયાને પણ વૈતાળ ભટકાયેલો, સ્વપ્નામાં.! ચમનિયો બીકણ ખરો, પણ સાચું બોલવામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને ટપી જાય. જાન જાય, પણ જુઠ્ઠું નહિ બોલે! કોઈને સુંદરીનાં સ્વપ્નાં આવે ત્યારે ચમનિયાને એક વાર વૈતાળનાં શમણાં આવેલાં બોલ્લો!

સ્વપ્નાની વાતનો ફોડ પાડતાં ચમનિયાએ કહ્યું કે, એક મેઘલી રાતે રાજા વિક્રમાદિત્ય ખુલ્લી તલવાર સાથે, મારા સ્વપ્નામાં આવ્યા. તલવાર ઉગામી મને કહે, ‘ઊઠ ચમનિયા વૈતાળ પકડવા જવાનું છે. રાજા જેવા રાજાનો હુકમ થાય અને હું ના પાડું તો મારી સલામતી નહિ. એટલે મરઘાં પકડવા જવાનું હોય એમ સાથે ગયો. હાથમાં ખુલ્લી તલવાર સાથે રાજા વિક્રમાદિત્ય આગળ ચાલે અને હું એમના પગલે પગલે પાછળ ચાલું. જેવા સ્મશાનભૂમિમાં દાખલ થયા એટલે એક મહાકાય વડલેથી ગગનભેદી ‘અટ્ટહાસ્ય’ ફેલાયું.!

- આવ ઠાકુર આવ.! આજ તો ચમનિયાકો ભી સાથમેં લાયા હૈ ક્યા.?

- “થથરતે કયું હો ચમનિયા.? આજ તું મેરે લાગમેં આયા.! તેરી વજહસે તો મરનેકે બાદ ભી મૈં વૈતાળ હું.! તું જાનતા થા કી મૈં ચંપીસે બહુત પ્યાર કરતા હું. ઔર દોસ્ત બન કર તુને મેરે સાથ ગધ્ધારી કી.! મેરી ચંપીસે તુને શાદી કર દી.! આજ ભી મેરી આત્મા ઉસકે સાથ હૈ ચમનિયા.! બોલ મેરી ચંપી કૈસી હૈ.?

- ચમનિયાના ભેજામાં આખી ફિલમ ચાલુ થઇ ગઈ અને સમજી ગયો કે, આ વૈતાળ બીજો કોઈ નહિ પણ, મારો હરીફ રતનિયો જ છે.!

આ સિનારિયો જોઇને, વિક્રમાદિત્ય વિચારમાં પડી ગયો કે, આ તો જબરી Love story છે.! રાજા વિક્રમાદિત્યે ત્રાડ નાંખી. ચાલ વૈતાળ, હું તને પાછો લેવા આવ્યો છું. વૈતાળ ને વડ ઉપરથી ઉતારી ખભે નાંખીને રાજન જેવો ચાલવા લાગ્યો, ત્યાં વૈતાળ બોલ્યો..

- હે રાજન.! મારી શરત તો તને યાદ છે ને.? રસ્તામાં હું તને એક વાર્તા કહીશ. એ વાર્તાના અંતે મૌન તોડ્યું તો હું પાછો ઊડીને સ્મશાનના ઝાડવે લટકી જઈશ અને જવાબની તને ખબર હોય છતાં તું નહિ બોલે તો, તારું માથું ફૂટી જશે.! અને ચમનિયાનો બદલો હું કેવો લઈશ એ તો પછીની વાત છે.!

રાજન એટલું જ બોલ્યો કે, તું વાર્તા તો માંડ.

-તો સાંભળ રાજન, અને તું પણ સાંભળ ચમનીયા! એક વેરાન જંગલમાંથી એક સાધુ હરિધૂન ગાતો ચાલ્યો જતો હતો. એની લગોલગ જ પ્રેમી-પંખીડાં પણ એમની પ્રેમ મસ્તીમાં ચાલતાં હતાં. પંખીડાં પ્રેમમાં લીન હતાં, ને સાધુ એની હરિ-ધૂનમાં લીન હતો. ચાલતા ચાલતા સાધુનો પગ એક પાણીવાળા ખાબોચિયામાં પડ્યો. ખાડામાં કીચડ હતું, એ કીચડ ઊડીને પેલા પ્રેમીની પ્રેમિકાના મોંઢા ઉપર પડ્યું. જેનાથી ક્રોધિત થઈને, પ્રેમીએ સાધુના ગાલ ઉપર એક તમતમતો તમાચો લગાવી દીધો. છતાં હરિ-ધૂનમાં મશગુલ સાધુએ સાધુવાદ છોડ્યો નહિ. ઘટના એવી ઘટી કે, આગળ જતા પ્રેમમાં લીન બનેલા પ્રેમીને એક ખાઈ દેખાઈ નહિ અને તેમાં પડતાં જ એનું પ્રાણપંખેરું ઊડી ગયું. પ્રેમિકાએ રડારોળ કરતાં લોકો ભેગાં થયા અને સાધુ માટે ફરિયાદ કરી કે, મારા પ્રેમીએ આ સાધુને લાફો મારેલો તેથી, આ સાધુના શાપને કારણે જ મારા પ્રેમીનું મૃત્યુ થયું છે. આ સાધુ શાપ આપે છે!

હે રાજન! હવે તું સમજાવ કે, આ એક અકસ્માત હતો કે, શાપ.? જવાબ જાણવા છતાં મૌન રહે તો, વૈતાળ ઊડી જાય અને સાચો જવાબ ખબર હોય છતાં મૌન રહે તો માથું ફૂટી જાય, એની તને ખબર છે. રાજનને જવાબની ખબર હતી, એટલે નહિ બોલે તો એનું સત લાજે અને ચમનિયા સામે ભોંઠો પડે. એટલે, રાજને જવાબ વાળતાં કહ્યું..

“હે વૈતાળ..! પ્રેમીનું મૃત્યુ નહિ તો એક અકસ્માત હતો, કે નહિ તો સાધુનો શાપ.! પ્રેમી એની પ્રેમિકાને પ્રેમ કરતો હતો. પ્રેમિકા ઉપર કીચડ ઊડતાં, પ્રેમીમાં ક્રોધ ઉત્પન્ન થયો, અને સાધુને લાફો માર્યો. એમ, સાધુ પણ એના પ્રેમી ભગવાનમાં લીન હતો. એટલે પ્રેમીએ જેવો સાધુને લાફો માર્યો, એ જોઈ સાધુના પ્રેમી ભગવાનને ક્રોધ ચઢ્યો અને પ્રેમીની આવી દુર્દશા થઈ.! રાજનના મોંઢેથી જવાબ સાંભળીને વૈતાળ તો ઊડીને ફરી પાછો ઝાડવે લટકી ગયો. પણ દૂધવાળાની બૂમ પડતાં, ચમનિયાથી જગાઈ ગયું ને આખું સ્વપ્નું વિંખાય ગયું.

લાસ્ટ બોલ

એક ચુડેલે બીજી ચુડેલને પૂછ્યું,
:‘પેલી જૂની હવેલીવાળો વડલો
છોડીને, તું સરકારી ઓફીસના
માળીએ કેમ રહેવા ચાલી
ગઈ.?’

બીજી ચુડેલ :‘અલી ત્યાં
નેટવર્ક આવતું ન હતું. તને તો
ખબર છે ને કે, ‘ફેસબુક’ની
માફક ‘‘ચુડેલ- બુક’ઉપર
અને ‘ઈન્સ્ટાગ્રામ’ની માફક
‘ચુડેલ-ગ્રામ ઉપર મને રીલ
મૂકવાનું બહુ ગમે.!
તો.? માણસની માફક સરકારી
સેવાનો લાભ લેવા હું પણ
સરકારી આવાસમાં આવી ગઈ.!
તારા કપાળમાં કાંદા ફોડું.!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ખત્રી સમાજનાં પ્રથમ’ બિઝનેસ વુમન’ ધનગૌરીબહેન તગારીવાળા

સુરતમાં જરી અને કાપડ ઉદ્યોગમાં મહિલાઓનું પણ વિશેષ મહત્ત્વ રહ્યું છે. ખત્રી સમાજનાં લોકો કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા હતાં. સુરતમાં સલાબતપુરા વિસ્તારમાં મોહનલાલ તગારીવાળા કાપડનો વ્યવસાય કરતા હતા. તેઓના પરિવારમાં પત્ની ધનગૌરીબહેન, છ પુત્રી અને એક પુત્ર હતા. અચાનક વર્ષ 1960માં મોહનલાલ તગારીવાલાનું ટૂંકી માંદગી બાદ નિધન થયું. સંતાનો નાનાં હતાં ત્યારે તમામ બાળકોના ભરણપોષણની જવાબદારી 32 વરસની ઉંમરે પત્ની ધનગૌરીબહેનના માથે આવી પડી.એક બાજુ પરિવારની જવાબદારી અને બીજી બાજુ કાપડના વ્યવસાયને ટકાવવાની ચેલેન્જ. ધનગૌરીબહેને પરિવાર પર આવી પડેલી આપત્તિને અવસરમાં બદલી કાપડના વ્યવસાયને આગળ ધપાવ્યો. યાર્નની ખરીદી અને કાપડનું વેચાણ સાથે ફેક્ટરીનું મેનેજમેન્ટ પોતે સંભાળતાં હતાં. 20 લુમ્સથી શરૂ થયેલી વ્યવસાયયાત્રા 250 લુમ્સ સુધી પહોંચાડી હતી. તે સમયે જ્યોરજેટ કાપડમાં તેઓની મોનોપોલી હતી. કાપડના વ્યાપારી વર્ગમાં તેઓ ‘જ્યોરજેટની રાણી’ તરીકે ઓળખાતાં હતાં. વ્યવસાય ક્ષેત્રે 2000 ની સાલ સુધી સક્રિય રહ્યાં હતાં. વર્ષ 2014 માં તેઓનું અવસાન થયું હતું. આજે તેઓના પુત્ર રમેશભાઈ વ્યવસાયને આગળ વધારી રહ્યા છે. આજના સ્પર્ધાત્મક યુગમાં નવી પેઢીએ ધનગૌરીબહેનની સાહસિક વ્યાપારીવૃત્તિની પ્રેરણા લેવી જોઈએ.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### સુરક્ષા અને સ્વતંત્રતા બંને વચ્ચેનું સંતુલન

સુરત જેવા શહેરમાં કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો હંમેશા સંવેદનશીલ રહ્યો છે. મહિલાઓની સુરક્ષા નિઃસંદેહ અત્યંત મહત્વપૂર્ણ છે અને તેમાં કોઈ મતભેદ હોઈ શકે નહીં. પરંતુ સુરક્ષાના નામે જો સમગ્ર એક “વ્યવસાયિક સમુદાય”ને શંકાની નજરે જોવામાં આવે, તો તે પોલીસિંગ કરતાં વધુ ‘મોરલ પોલીસિંગ’ જેવી સ્થિતિ ઊભી કરે છે. સુરતમાં ચાલતા જીમના ટ્રેનરોને બોલાવીને મહિલાઓને મેસેજ ન કરવા અથવા તેઓ મેસેજ કરે તો પણ જવાબ ન આપવાની ચેતવણી આપવી કાયદાકીય પ્રક્રિયા કરતાં વધુ નૈતિક ઉપદેશ જેવી લાગે છે. કાયદાનો મૂળભૂત સિદ્ધાંત સ્પષ્ટ છે - ગુનો થાય તો ફરિયાદ નોંધાય અને તેના આધારે આરોપી સામે કાર્યવાહી થાય. પરંતુ અહીં જે રીતે સમગ્ર જીમ ઈન્ડસ્ટ્રીને એક જ દૃષ્ટિથી જોવામાં આવી છે, તે વ્યવસાયિક રીતે કામ કરતા અનેક ટ્રેનરો માટે અયોગ્ય સંદેશ આપી શકે છે. સુરતમાં સૈંકડો જીમ છે અને હજારો યુવક-યુવતીઓ તેમાં જોડાયેલા છે. આવી પરિસ્થિતિમાં એક બેઠક દ્વારા બધાને એકસરખા શંકાસ્પદ ગણાવી દેવું યોગ્ય પોલીસિંગની પદ્ધતિ ગણાઈ શકે નહીં. પોલીસ અને નાગરિકો વચ્ચેનો વિશ્વાસ કાયદો અને વ્યવસ્થાની સૌથી મજબૂત પાયાની ઈંટ છે. જો ફરિયાદ આવે તો કાયદા મુજબ કડક પગલાં લેવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ. પરંતુ ગુનો થયા વગર જ આખી કોમ્યુનિટીને જાહેરમાં ચેતવણી આપવી અને તેનાથી લોકપ્રિયતા મેળવવાનો પ્રયાસ કરવો, પોલીસિંગના મૂળ હેતુ સાથે સુસંગત નથી. સુરતમાં પોલીસ કમિશનર દ્વારા કોમ્યુનિટી પોલીસિંગને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો નોંધપાત્ર છે. પરંતુ બીજી તરફ જો વિશેષ યુનિટો પોતાના કાર્યક્ષેત્રને વધારે વિસ્તૃત કરીને સામાન્ય સામાજિક મુદ્દાઓમાં પણ પ્રવેશ કરે, તો તે ચર્ચા અને ગેરસમજ બંને ઊભી કરી શકે છે. શહેર માટે સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે કાયદાનો કડક અને નિષ્પક્ષ અમલ થાય અને સાથે સાથે પોલીસ અને નાગરિકો વચ્ચે વિશ્વાસભર્યો સંબંધ જળવાઈ રહે. સુરક્ષા અને સ્વતંત્રતા બંને વચ્ચેનું સંતુલન જ સાચી કાયદો અને વ્યવસ્થાની ઓળખ છે. જો આ સંતુલન બગડે તો સમાજમાં સુરક્ષા કરતાં અસ્વસ્થતા વધુ અનુભવી શકાય છે.

**સુરત - આશિષ ટેલર**

### રાજસ્થાનના ચિતોડગઢમાં આવેલા મંદિરમાં રોજ એક કરોડનું દાન આવે છે?

આપણી ૮૦ ટકા પ્રજા મધ્યમ વર્ગની છે. એમાં મોટા ભાગનાં લોકોમાં ધાર્મિક આસ્થા જોવા મળે છે. ધાર્મિક સ્થાનોમાં લાખો કરોડોનું દાન આવે છે. આજે એક એવા મંદિરની વાત કરવી છે કે જ્યાં રોજ એક કરોડનું દાન આવે છે. રાજસ્થાનના ચિતોડગઢમાં આવેલા સાંવરિયા શેઠ મંદિરમાં શ્રદ્ધાળુઓના દાનનો સતત પ્રવાહ વહેતો રહે છે. આ વખતે હોળીના તહેવારમાં ભગવાન સાંવરિયા શેઠની દાનપેટીઓ ખોલવામાં આવી ત્યારે તેમાંથી નીકળેલા પૈસાથી બધાની આંખો પહોળી થઈ ગઈ. અહીં દર્શને આવતા નાના મોટા વેપારીઓ ભગવાનને પોતાના ભાગીદાર માને છે. કોઈ પોતાના દુકાનના નફાનો ૨ ટકા હિસ્સો ભગવાનના નામે રાખે છે. તો કોઈ પોતાની મોટી ફેક્ટરીની કમાણીમાં સાંવરિયા શેઠની અડધી ભાગીદારી નક્કી કરે છે. ભક્તો કહે છે કે તેમને સાંવરિયા શેઠના નામે અલગ ખાતું પાડી રાખ્યું છે. નફો થવા લાગે ત્યારે સાંવરિયા શેઠનો ભાગ મંદિરમાં પહોંચી જાય છે. આ વખતે દાનપેટીમાંથી રોકડા ૩૬ ૫૭૬૪૨ રૂપિયા રોકડા નીકળ્યા. આ ઉપરાંત ઓનલાઈન ૧૦ ૦૦૪૫૨૮૨ રૂપિયા મળ્યા છે. સાથે લગભગ ૩ કિલો સોનું ૧૫૨ કિલો ૬૦૯ ગ્રામ ચાંદી પણ દાનમાં મળ્યાં છે. આ રકમ ચડાવો નથી જનકલ્યાણનું માધ્યમ છે.આ પૈસાથી મંદિરનો ભવ્ય વિસ્તાર, શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ, જમવાની સગવડ, સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. ભગવાનની ભાગીદારીના આ પૈસાથી હજારો લોકોને રોજ ભોજન મળે છે અને સમાજની સેવા થાય છે. દાનપેટીની રકમની ગણતરી બેંકના અધિકારીઓએ સાત તબક્કામાં પૂરી કરી હતી.૨ માર્ચના રોજ શરૂ થયેલી ગણતરી ૧૦ માર્ચે પૂર્ણ થઈ હતી. બોલો, જોયું, સાંવરિયા શેઠ ભગવાનમાં શ્રદ્ધાળુઓની શ્રદ્ધા.

**સુરત - અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

### સમાજનો એક વર્ગ માત્ર અફવાઓ ફેલાવવાનું કામ કરે છે

સમાજનો એક વર્ગ એવો છે કે જેની પાસે લોકોને ભડકાવવા સિવાય બીજું કોઈ કામ નથી. કોઈ પ્રતિષ્ઠિત વ્યકિતના મોતના ખોટા સમાચાર ફેલાવવા,કોઈ ચોક્કસ પુરાવા વગરની માહિતી આપવી,લોકો હંમેશાં ડર અને ભયમાં રહે તેવી વાતો ફેલાવવી એ તો આવાં લોકો માટે સામાન્ય થઈ ગયું છે.કોરોના વખતે જ્યારે રસી મૂકવામાં આવતી હતી ત્યારે એક આખો વર્ગ રસીની વિરુદ્ધમાં પ્રચાર કરતો હતો. એક વર્ગ એવો છે કે કોઈ પણ સરકાર હોય,સરકારના કામમાં તેમને વખાણવાલાયક કંઈ લાગતું જ નથી.આજે દુનિયાના ઘણા દેશો યુધ્ધનો સામનો કરી રહ્યા છે અને તેમની જે તકલીફો છે તે જોતાં આપણા દેશમાં ઘણું સારું છે.છતાં કેટલાંક લોકોને મજાક સૂઝે છે.આપણા દેશમાં ઊભી થયેલી પરિસ્થિતિ માટે સરકારને દોષ દેવાની જરૂર નથી.આપણા દેશના નેતાઓ વિચારશીલ છે એટલે યુધ્ધમાં ઝંપલાવતા નથી એ પ્રશંસનીય છે.આપણે સરકારને સહકાર આપવાની જરૂર છે. સરકારને માનસિક ટોર્ચર કરવાની જરૂર નથી.આજે સરકારનો કોઈ રીતે વિરોધ કરવાનો કે સરકારને બદનામ કરવાનો સમય નથી. ગેસના બાટલાની લાઇનો ને નોટબંધીની લાઇનો સાથે સરખામણી કરવાની જરૂર નથી.કેટલીક ખોટી અફવાઓથી નબળા હ્રદયના માણસો ડરી જતા હોય છે.ભવિષ્યમાં શું થવાનું છે તેના કરતાં વર્તમાનમાં કઈ રીતે પહોંચી વળીશું તેની વાત કરવાની હોય છે.

**સુરત - પ્રવીણ પરમાર**